R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક
(મો)૯૮૨૫૧૬૯૩૮૯
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-23 • ISSUE: 42 DATE: 18-10-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છેલ્લા ( ) -ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયો એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

## વિદેશી બેંકોમાં સંગ્રાહાયેલ ભારતીયોનું કાળુ નાણુ પાછુ લાવવા માટે સરકારે લાચારી દર્શાવી

કેન્દ્ર સરકારે વિદેશોમાં કાળા નાંણા ધરાવતા ભારતીયોના નામ જાહેર કરવાના મામલે અસમર્થતા વ્યકત કરી હતી. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી એક અરજીમાં કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે સરકાર ભારતે ડબલ ટેકસેશન એવોઇડન્સ એગ્રીમેન્ટ સંધિ કરી છે.તેવા દેશો પાસેથી કાળા નાંણાની માહિતી જાહેર કરી શકાય તેમ નથી. આ સંધિ ધરાવતા દેશોમાં બેંક ખાતા ધરાવતા ભારતીયોની વિગતો જાહેર કરવામાં સરકારે અક્ષમતા જાહેર કરી હતી.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યુ હતુ કે જો ભારત સરકાર દ્વારા વિદેશોમાંથી મળેલી માહિતી જાહેર કરી દેવાશો તો કોઇ દેશ ભારત સાથે આ પ્રકારની સંધિ કરવા તૈયાર થશે નહી.જે લોકો સામે કેસ દાખલ થયો નથી તેવા વિદેશોમાં બેંક ખાતા ધરાવતા લોકોના નામ સરકાર જાહેર કરી શકતી નથી.નાણાંમંત્રી અરુણ જેટલીએ જણાવ્યું હતું કે કોંગ્રેસે ભુતકાળમાં કરેલા કરારને કારણે નામ જાહેર કરવામાં કાયદાકીય ગુંચવણ ઉભી થઇ છે

જ્યારે અરજકર્તા અને સિનિયર એડવોકેટ રામ જેઠમલાણીએ જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી સરકાર વિદેશોમાં કાળુ નાણું જમા કરનાર ભારતીયોને છાવરવાનો પ્રયાસ કરી રહી છે.સરકાર વિદેશોમાં કાળું નાણું એકઠુ કરનારાઓને રક્ષણ પુરુ પાડી રહી છે.૨૦૧૪ની લોકસભાની ચુંટણીમાં ભાજપે કાળા નાંણાનો મુદ્દો ચગાવ્યો હતો. તેમજ તેમના મેનીફીસ્ટોમાં માત્ર ૧૦૦ દિવસનમાં કાળુ નાણાં પરત લાવી દઇશં તેવું કહ્યું હતું.પરંતુ યુપીએ સરકારની જેમ જ વિદેશો સાથેના કરારના ગાણાં ગાઇને કાળું નાણું પરત લાવવા માટે કોઇ પ્રયાસ કરતી નથી.જો કે મોદી સરકારે પહેલા જ દિવસે કાળા નાણાં માટે સીટની રચના કરી હતી.અને ભાજપે તેના રીપોર્ટમાં અંદાજ આપ્યો હતો કે વિદેશોમાં ભારતીયોના ૩૦ થી ૮૪ લાખ કરોડ રુપીયાના કાળા નાણાં જમા પડ્યા છે.અનેક રેલીઓને સંબોધતા મોદીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ વિદેશોમાં પડેલું કાળુ નાણું પરત લાવવા ઇચ્છતી નથી.દેશને લુટનારા અને વિનાસ કરનારા રમત રમી રહ્યા છે.અમારી સરકાર સત્તા પર આવ્યા બાદ દેશને લુંટનારાએ જનતાને જવાબ આપવો પડશે.તેમજ તેઓની સામે પગલાં લેવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.પરંતુ આ બધું માત્ર ચુંટણીઓ જીતવા માટેનું નાટક હતું એવું હાલ પુરતું લાગે છે.

## ગુમશુદા બાળકોની તપાસ બાબતે સુપ્રીમ કોર્ટે સરકારને તપાસનું નાટક બંધ કરવા ટકોર કરી

દેશની સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર અને રાજ્ય સરકારોને ગુમ થયેલા બાળકોની તપાસ અંગે ચીલા ચાલુ જવાબો આપી,કાગળ પર તપાસ કરવાનું નાટક બંધ કરવાની ટકોર કરી હતી.સુપ્રીમ કોર્ટના ન્યાયમુર્તિ એચ.એલ.દત્તુ,ન્યાયમુર્તિ મદન બી.લોકુર અને ન્યાયમુર્તિ એ.કે.સીકરીની ખંડપીઠે બિહાર અને છત્તીસગઢના મુખ્ય સચિવો અને પોલીસ મહા નિર્દેશકોને ૩૦ ઓક્ટો.હાજર થવાનુ ફરમાન કર્યુ છે.આ સાથે અન્ય રાજ્યોના બે ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ પાસેથી પણ ગુમ બાળકોની તપાસના નિર્દેશ અંગની કામગીરીનો જવાબ માંગવાનો ખંડપીઠે સંકેત આપ્યો હતો.ખંડપીઠે કહ્યુ હતુ કે બાળકોના ગુમ થવાના કિસ્સાઓમાં યાંત્રિક જવાબ આપવાનું તથા વાસ્તવિક તપાસ ન કરવાનું નાટક બંધ થવું જોઇએ.કોર્ટે કહ્યું હતુ કે તેઓ બાળકો ગુમ થવાના કિસ્સામાં હવે રાજ્યના ડીજીપી અને મુખ્ય સચિવ પાસેથી જવાબ માંગશે. ખંડપીઠે બિહાર અને છત્તીસગઢના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોને ગુમ થયેલા બાળકો શોધવા માટે વર્ષ ૨૦૧૩માં અપાયેલ નિર્દેશોનું પાલન શા માટે ન કરાયું તેના કારણો આપવા આદેશ કર્યો હતો.અદાલતે સ્કુલના બાળકોમાં કેફી દ્રવ્યોના વધી રહેલા ચલણ અંગે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટી તંત્રને ૩૦મી પહેલા જવાબ આપવા તાકીદ સાથે નોટીસ ફટકારી છે.

બચપન બચાવો આંદોલન, એનજીઓ ચલાવતા કૈલાસ સત્યાર્થીને બાળહક્કો માટે કામ કરવા માટે નોબલ શાંતિ પુરસ્કા મળ્યો ત્યારે આખા દેશે તેમની કામગીરીના વખાણ કર્યા.પરંતુ વાસ્તવમાં તેઓ જે કામ કરે છે તેબાબતમાં કેન્દ્ર તથા તમામ રાજ્યોની સરકારો અને વિશેષ તો પોલીસતંત્ર કેટલા ગંભીર છે તે તેઓની સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજીના સંદર્ભમાં જોઇ શકાય છે.રાજ્યોના ચીફ સેક્રેટરીઓ અને પોલીસવડાઓ સુપ્રીમકોર્ટમાં હાજર થવાનુ ટાળે છે.રાજ્ય સરકારો દ્વારા જે કોઇ આંકડા અપાય છે તે પણ ઠેકાણા વગરના હોય છે.સુપ્રીમ કોર્ટ જે કેસનું ખરેખર મોનીટરીંગ કરી રહી હોય અને રાજ્ય સરકારો આ બાબતે બેદરકારી દાખવે તો ખરેખર અમલની બાબતમાં શું હાલથ થાય.દેશમાં દર છ મિનિટે એક બાળક ગુમ થાય છે.દર વર્ષે આ આંકડો ૧ લાખથી ઉપર જાય છે.પરંતુ સત્તાધીશોના પેટનું પાણી હાલતું નથી.બિહાર, ઓરિસ્સા, ઝારખંડ વગેરે રાજ્યોમાંથી બાળકો ગુમ થવા પાછળ ચાઇલ્ડ ટ્રાફિકીંગ જવાબદાર છે.આ રાજ્યોમાં પછાત અને આદિવાસી બાળકો વધુ ગુમ થાય છે.જેમને શહેરોમાં બાળ મજુરીમાં ધકેલી દેવાય છે.કન્યાઓને દેહવ્યાપારમાં ધકેલી દેવાય છે.પોલીસ પાસે અન્ય ગુનાઓના એટલા બધા ભારણ છે કે તેઓ ગુમ થયેલા બાળકોની તપાસ માટે ધ્યાન આપતી નથી.ખોવાયેલ બાળકને પોલીસ શોધી આપે તો માંબાપ નસીબદાર કહેવાય.અદાલતોએ આપેલા આદેશોને પોલીસ અમલમાં મુકતી નથી.પરંતુ નોબલ પ્રાઇઝ મળ્યા બાદ હવે સત્યાર્થીની ઝુંબેશમાં ગતિ આવે અને ખોવાયેલ બાળકોના માતપિતાને પોતાનું બાળક પાછુ મળે તેવું થાય તો લેખે લાગશે.

## શિકાગો ચર્ચે તેના દરેક સભ્યને કંઇક સારુ કરવા માટે ૫૦૦ ડોલર આપ્યા

લાસેલી ચર્ચ,શિકાગોએ તેના ૩૨૦ સભ્યોને ૫૦૦ ડોલર આપ્યા અને કહ્યં કે આ નાણાંથી તેઓ તેમની ઇચ્છા મુજબ કંઇક સારુ કાર્ય કરે.આ નાણા દ્વારા તેઓ ઇશ્વરના રાજ્યની વૃધ્ધિ માટે કાર્ય કરે.આ ઉપરાંત દરેક સભ્યને આ બાબત માટે પ્રાર્થના કરવા માટે વિનંતી કરવામાં આવી હતી.

સીનીયર પાસ્ટર લૌરા ટુક્સ ઓફ લાસેલી ચર્ચે જણાવ્યુ હતું કે તેણી જ્યારે ચર્ચના તમામ સભ્યોને આ બાબતે જણાવવાની હતી ત્યારે તેઓ મુંઝવણ અનુભવતા હતા.જો તેઓ તેમના સભ્યોને ઉપરોકત બાબત કહેશે પછી શું થશે તે બાબતે તેઓ ચિંતામાં હતા.પરંતુ આ જાણ્યા બાદ કેટલાક લોકો રડ્યા અને કેટલાક લોકોને તે સારુ લાગ્યું.કારણકે આ બાબતની જાહેરાત બાદ ખુબજ કોલાહલ થયો હતો.આ સમય દરમિયાન,હું ખુબજ ચિંતાતુર હતી અને માનતી હતી કે લોકો એવું માનશે કે હું મુર્ખ છું અને આવી મુર્ખતા અને શરમાવે તેવી બાબત તેમની સમક્ષ મુકુ છું.તમે ૧,૬૦,૦૦ ડોલર વ્યર્થ વેડફી રહ્યા છો તેવો અહેસાસ કરાવશે.તેથી હુ ખુબજ નર્વસ હતી.પરંતુ હું માનતી હતી આ જગ્યા એક એવી જગ્યા છે જ્યાં વિશ્વાસને મહત્વ આપવામાં આવે છે.તેવું તેણીએ જણાવ્યું હતું.

આ નાણાં ખાસ એક સારા મકસદ માટે વાપરવાનાં હતા.પરંતુ ટુઝે કહ્યું કે તેણી હતાશ ન થાત જો કોઇ સભ્યો આ નાણાંનો ઉપયોગ તંબુ બનાવવા ઉપયોગ કરે.કારણકે લાસેલીનુ સભ્યપદ આર્થિક રીતે તવંગરથી ગરીબ સુધીનું છે.ચર્ચ પાસે આ નાણાં કે જે એક લાખ સાઇઠ હજાર ડોલર હતા જેને વાપરવાનો વિચાર કરવામાં આવ્યો હતો તે નાણાં એક રીયલ એસ્ટેટના સોદામાંથી થયેલ વળતરમાંથી આવ્યા હતા.લાસેલી ચર્ચ અને બીજા બે શિકાગોના ચર્ચોએ ૧૯૭૦માં હાઉસીંગ ડેવલપમેન્ટ માટેના પ્રોજેકટને મદદ કરવા માટે જે નાણાં રોક્યા હતા તેમાથી થયેલ નફા રુપે આ નાણાં મળ્યા હતા.હાલના જુન માસમાં આ રીયલ એસ્ટેટનું વેચાણ કરવામાં આવ્યું હતું.લાસેલી ચર્ચને એક લાખ અને સાઇઠ હજાર ડોલર તેના રોકાણમાંથી ૧૦ ટકા વળતર પેટે મળ્યા હતા.ચર્ચ વધુ નાણાં મળશે તો ભવિષ્યમાં તેનો કેવો ઉપયોગ કરવો તે માટે વિચારશે.

## આખરે સુપ્રીમ કોર્ટે તામીલનાડુના મુખ્યમંત્રી જયલલીતાને જામીન આપ્યા



કોર્ટને જરુરી તમામ પુરાવા સાથેના કાગળો કોઇપણ જાતની અડચણ વગર પુરા પાડવા માટે બે મહિનાની મુદત સાથે જામીન આપ્યા છે.સાથે સાથે તેઓ કોઇપણ જાતની રાજકીય ચહલ પહલ કરશે નહી કે કરાવશે નહી. તેમના ટેકેદારો મારફતે રાજ્યમાં તેમજ તેમના વિરોધીઓ પર કોઇપણ જાતના હુમલા કરાવશે તો તાત્કાલિક જામીન રદ કરીને તેમને જેલમાં ધકેલી દેવાશે.કોર્ટ જામીન આપવાની સાથે જયલલીતાની સાથે સજા પામેલ તેમના અન્ય સાથીદારોને પણ જામીન મળ્યા છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવક્રાંતિ

મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભાની ચુંટણી માટેના પુર્વાનુમાનો થતા રહ્યા છે.અને એ પ્રમાણે તમામ એકઝિટ પોલ એવું સુચવ્યે છે કે ભારતીય જનતા પાર્ટી બેઉ રાજ્યોમાં મેદાન મારી જશે.એકંદરે ચુંટણીઓ જોતા એવું સ્પષ્ટ જણાય છે કે કોંગ્રેસ જે ચુંટણીઓમાં આગળ રહેતી હતી તેના હવે વળતા પાણી થયા હોય તેમ લાગે છે.ભારતીય જનતા પાર્ટીએ આજ સુધી પ્રચાર કર્યો છે પરંતુ કોગ્રેસને તોડવામાં સફળ રહ્યા નથી. માત્ર ને માત્ર એક જ વ્યક્તિ નરેન્દ્ર મોદીએ રાજકારણમાં ઇતિહાસ સર્જ્યો છે તેમ કહીએ તો ખોટું નથી. લોકસભાની ચુંટણીઓમાં તેમના પ્રચાર કરવાની રીત,અને વિરોધીઓને મહાત કરવાની આવડતે તેમને સંપુર્ણ બહુમતી અપાવી દીધી છે.તેથી એવું માનવાને કારણ છે કે આવનારા દિવસોમાં જે તે રાજ્યોમાં થનાર ચુંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને સફળતા મળશે તો એક માત્ર નરેન્દ્ર મોદીનો કરિશ્મા હશે તેમ કહેવું ખોટું નથી.

હાલમાં દેશમાં તમામ રાજકારણીઓ એકદમ હતાશા અનુભવી રહ્યા છે.ભારતીય જનતા પાર્ટીના સીનીયર નેતાઓના જ પણ એજ હાલ છે. બાકી રાજકીય પાર્ટીઓ સાથે ભારતીય જનતા પાર્ટીના સીનીયર નેતાઓએ હવે વનવાસ વેઠવાનો વારો આવ્યો છે.અને કદાચ આ તેમની રાજકીય કારકીર્દીનું પુર્ણવિરામ પણ હોઇ શકે.ખેર,શત્રુઓમાંથી પણ કસદાર હોય તેવા નેતાઓને પણ મોદીની મુત્સદીગીરીએ પરાસ્ત કરી દીધા છે.અને તેઓ શરણે આવી ગયા છે.હવે વિરોધીઓનું લશ્કર તેમની સામે સાવ પાંગળું દેખાય છે.ખેર વધુ બહુમતી અને માત્ર એક વ્યક્તિ કેન્દ્રીત સત્તા સરમુખ્યતારશાહી તરફ દોરી જાય છે.આપણે એવું ઇચ્છીએ કે આપણુ લોકશાહી તંત્ર બરકરાર રહે અને ધર્મનિરપેક્ષ લોકશાહી આબાદ રહે.

જો મહારાષ્ટ્ર માં ભારતીય જનતા પાર્ટી સત્તા સ્થાને બીરાજશે અને અન્ય હરિફો ધુળ ચાટતા થઇ જશે તો હરિફો ભલે ચુંટણીમાં હારી ગયા હશે તો પણ તેઓ શેરીઓની લડાઇમાં પાવરધા છે તેમને જેર કરવા આસાન નહી બને.શિવસેના ભલે ટુકડામાં હાલમાં હોય પરંતુ જ્યારે વિરોધીઓનો સામનો કરવાનો આવશે ત્યારે તેઓ શેરી લડાઇમાં એક થઇજશે. ભાજપે સત્તા હાંસલ કરીને તેમને કાબુમાં રાખવા પડશે નહીતર ભારતની આર્થિક રાજધાનીમાં તેઓ અનેક વિખવાદો પેદા કરી શકે છે.અને તેના પડઘા આખા દેશમાં પડશે.સહુ પ્રથમ પ્રાંતવાદનો વિખવાદ પેદા કરવામાં તેઓને કોઇ પહોંચે તેમ નથી.આ વિવાદમાં ત્યાંના બધા સામેલ છે.પછી તે ગમે તે પક્ષમાં હોય.મુંબઇમાં ગુજરાતી,યુપીના,બિહારીઓ,દક્ષિણના એવા અન્ય પ્રાંતોના લોકો વસે છે.

## લઘુમતિઓ માટે કૌશલ્ય વિકાસ સંસ્થા બનશે

કેન્દ્ર સરકારે કરેલી એક જાહેરાત અનુસાર લઘુમતીઓ માટે રાષ્ટ્રીય સ્તરની કૌશલ્ય વિકાસ સંસ્થા રચાશે. જે સંસ્થામાં આર્થિક રીતે નબળા વર્ગના લોકોને તાલીમ આપવામાં આવશે અને તેમના કૌશલ્યનો વિકાસ કરવામાં આવશે.લઘુમતી બાબતોના મંત્રી નજમા હેમતુલ્લાએ કહ્યુ હતું કે આ માટે સરકાર મૌલાના આઝાદ નેશનલ એકેડેમી ફોર સ્કિલની સ્થાપના કરશે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંછુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# દેશના વિકાસ માટે સફાઇ અને શૌચાલય જરુરી છે

યુરોપ,અમેરીકાની સ્ત્રીઓની સરખામણીમં ભારતની સ્ત્રીઓના પેટ વધુ ફુલેલા હોય છે તેનું કારણ ખબર છે ? પ્રસિધ્ધ લેખિકા શોભા ડેના મત અનુસાર ભારતની સ્ત્રીઓને જરુર પડે ત્યારે લઘુશંકાની સગવડ મળતી નથી. આ સ્ત્રીઓ મોકો મળે ત્યાં સુધી યુરેશનને ટાળતી રહે છે.તેમના બ્લેડરમાં વધુને વધુ યુરિન જમા થાય છે અને બ્લેડર મોટા થતાં રહે છે.

લઘુશંકા ટાળતાં રહેવાથી બીજી અનેક બીમારીઓ લાગુ પડે છે.શરીરમાં ટોક્સિન જમા થાય છે.મુત્રમાર્ગમાં ચેપ થાય છે.કિડનીની વિકૃતિઓ, જેવી કે પથરી ,મુત્રદાહ વગેરે લાગુ પડે છે.ભારતમાં યુરિનેશનની પ્રવૃતિ તમામ લોકોને તકલીફ આપે છે.ગ્રામ્ય હોય કે શહેર વિસ્તાર. આપણે શહેરોને વિકસિત માનીએ છીએ, પણ મહાનગરોમાં વ્યક્તિ ઘરની બહાર કે ઓફિસ બહાર હોય ત્યારે યુરિનેશન એક આફત બની જાય છે.મુંબઇ જેવા શહેરમાં ઓફિસ અને ઘર વચ્ચે કલાકો લાગી જાય છે. રેલવે સ્ટેશનો પરના યુરિનલ્સ બાદ કરતાં જાહેર માર્ગો કે સ્થળો પર યુરિનલ્સની સંખ્યા નહીવત છે.જે હોય છે તે દુર હોય છે.મુંબઇના ફોર્ટ વિસ્તારમાં અમદાવાદથી આવેલા મિત્રને ક્યાંય યુરિનલ્સ ન મળ્યું. આ સ્થિતિમાં માણસનું વર્તન બદલાઇ જાય છે.મોબાઇલ ફોન કરીને મને બોલાવ્યો.રસ્તા પર એમને શોધી કાઢીને એક ફર્સ્ટ ગ્રેડ રેસ્ટોરાં માં લઇ ગયો,ત્યાં એમને રાહત થઇ. એ બોલ્યા આ પણ એક મોટી રાહત છે.પણ ફર્સ્ટ ગ્રેડ રેસ્ટોરાંમાં પ્રવેશો એટલે કંઇક ઓર્ડર કરવો પડે.કંઇ ઇચ્છા ન હોય તો પણ ખાવું કે પીવું પડે અને સો-દોઢસો રુપીયા ભરવા પડે. આવા રેસ્ટોરાં પણ દરેક જગ્યાએ હોતા નથી.

પુરુષોની આવી હાલત હોય ત્યારે સ્ત્રીઓની શી સ્થિતિ હશે ?કુદરતી હાજતો માટે ભારતની સ્ત્રીઓએ ખુબ સહન કર્યુ છે.અને હજી કરતી રહી છે.ગામડામાં સુર્ય ઉગતા પહેલા કે સુર્ય આથમ્યા પછી સ્ત્રીઓને ખુલ્લી જગ્યામાં જવું પડે છે.મુંબઇની ઝુપડપટ્ટીમાં વસતા પુરુષો કે સ્ત્રીઓની હજી એ જ સ્થિતિ છે.અને તેઓની સંખ્યા લાખો કરોડોમાં છે.મુંબઇમાં હાઇવેની કે રેલ ટ્રેકની બન્ને બાજુ ગોઠવાઇ જાય.પશ્ચિમના વિદેશીઓ તો આ દ્રશ્યો જોઇને જ ડઘાઇ જાય.એક વખત સ્વામી સચ્ચિદાનંદ વિદેશથી વહેલી સવારે મુંબઇ એરપોર્ટ પર ઉતર્યા. એમની સાથે કેટલાક વિદેશી હતા.તેઓ કારમાં બેસીને ગુજરાત તરફ આવવા નિકળ્યા. રસ્તામાં મલાડમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેની બાજુમાં પુરુષો લોટો લઇને બેઠા હતા. ઓછા પ્રકાશમાં તે દ્રશ્ય જોઇને વિદેશીઓએ સ્વામીને પુછ્યું કે આ લોકો શું કરી રહ્યા છે?સ્વામીએ ક્ષોભ ટાળવા માટે કહ્યું કે એ લોકો સવારની પ્રાર્થના કરી રહ્યા છે.

મહાનગરોની આ સ્થિતિ છે. નાના અને મધ્યમ કક્ષાના શહેરોમાં ગામડેથી શાકભાજી વેચવા કે મજુરી કરવા આવતી સ્ત્રીઓને ત્રાસદી વેઠવી પડે છે.ભારત દેશને આપણે સંસ્કારી કહીએ છીએ. પણ સફાઇની બાબતમાં સંસ્કારીતા દેખાતી નથી. સ્ત્રીઓ જાહેરમાં શૌચ કરે ત્યારે અનેક સમસ્યાઓ અને આપદાનો સામનો કરવો પડે છે.હમણાં ભારત સરકાર વતી એક જાહેરખબરમાં વિદ્યા બાલન એવી કન્યાને ઉત્તેજન આપે છે જેણે સાસરીયામાં શૌચાલય નથી તેથી સાસરે જવાની ના પાડી દીધી.આ ના ઘણી વાજબી છે.પુરુષો તો ઉભી બજાર ભીંત પકડી લે છે. મુંબઇમાં આવા દ્રશ્યો સામાન્ય છે.પણ સ્ત્રીઓ ક્યાં જાય? પ્રકૃતિની રચના પ્રમાણે સ્ત્રીઓને સ્વચ્છતા ગૃહની પુરુષના પ્રમાણમાં વધુ જરુર પડે છે. આ કાયમી આપદાને દુર કરવા મુંબઇમાં અર્થશાસ્ત્રી વિભુતિ પટેલના નેજા હેઠળ સ્ત્રીઓ એકઠી થઇ છે અને તેઓએ 'રાઇટ ટુ પી'નામની સંસ્થા રચી છે.શહેરોમાં સ્ત્રીઓ માટે વધુને વધુ શૌચાલયો બાંધવા માટે આ સંસ્થા લડી રહી છે.સંસ્થાની દલીલ છે કે મુંબઇમાં સાર્વજનિક શૌચાલયોમાં પુરુષોને લઘુશંકાની વ્યવસ્થા મફતમાં મળે છે.પણ સ્ત્રીઓ પાસે ફી લેવાય છે.વળી સ્ત્રીઓની વસતીના પ્રમાણમાં શૌચાલયો નથી.ત્રણ વરસથી વવિધ ૩૨ સંસ્થાઓ આ રાઇટ ટુ પી નામક અમ્બ્રેલા ઓર્ગેનાઇઝેશન દ્વારા ઝુંબેશ ચલાવી રહી છે.હમણાં મુંબઇમાં રાઇટ ટુ પીની પરિષદ યોજાઇ હતી.તેમાં સ્ત્રીઓના વિવિધ પ્રશ્નોની ચર્ચા થઇ હતી.અને પાલિકાના અધિકારીઓન પણ તેમાં તેડાવ્યા હતા.બહેનોના કહેવા પ્રમાણે એકલા મુંબઇ શહેરમાં જ બીએમસીની મર્યાદામાં બાવન લાખથી વધુ સ્ત્રીઓ વસે છે.તેમાની મોટી સંખ્યામાં કામ નિમિત્તે ઘર બહાર જાય છે.તેમની સમસ્યાઓ તરફ ધ્યાન અપાતું નથી.સંસ્થાની માંગણીના અનુસંધાને ૨૫ સ્થળોએ તાબડતોબ સ્વચ્છતાગૃહો બાંધવાની પાલિકાએ ખાતરી આપવી પડી હી.એ માટેના નાના પ્લોટ નક્કી કરવાની વિધિ પણ પંદર દિવસમાં પુરી કરવાની ખાત્રી અપાઇ હતી.પ્લોટ શોધી કાઢવામાં મદદરુપ થવા માટે બહેનો ને કહેવામાં આવ્યું હતું.આ કાર્ય માટે તાબડતોડ પ્રારંભિક ખર્ચ પેટે રુપીયા સિત્તેર લાખ મંજુર કરવામાં આવ્યા.ઘણા અધિકારીઓ અને નાગરિકોને એ બાબતોની જાણ ન હતી કે સાર્વજનિક શૌચાલયોમાં પુરુષો મફતમાં લઘુશંકા કરી શકે છે. જ્યારે સ્ત્રીઓ પાસે ફી લેવાય છે.

મુંબઇ મહાપાલિકએ પુરુષો માટે ૬૫૬૮ શૌચાલયો બાંધ્યા છે.પણ સ્ત્રીઓ માટે અલાયદુ એક પણ શૌચાલયનથી. પ્રભાતમાં પુરુષોની લાઇન હોય તેમાં ઉભુ રહેવાનું કે તેની સમાંતર બીજી કતારમાં ઉભા રહેવાનું ત્રાસરુપ બને છે.ચાલુ વરસમાં મુંબઇ મહાનગરપાલિકાનું વાર્ષિક બજેટ કુલ રુપીયા ૨૭૫૭૮ કરોડનું હતું.આમાંથી રુપીયા પાંચ હજાર કરોડથી વધુ રકમ મળનિવારણ અર્થાત ટોયલેટ વ્યવસ્થા પાછળ વાપરવામાં આવે છે.રાઇટ ટુ પી ના પ્રયત્નો ને કારણે મહાપાલિકાએ નિર્ણય લેવો પડ્યો છે કે આમાંની ૨૫ ટકા રકમ એટલે કે રુપીયા ૧૨૫૦ કરોડ જેટલી રકમ માત્ર સ્ત્રીઓ માટે નિઃશુલ્ક ટોઇલેટ બાંધવા પાછળ જ વપરાશે.પાલિકાના વીસ વોર્ડમાં મળીને બે હજાર યુરીનલ્સ સ્ત્રીઓ માટે બંધાશે.એક યુરિનલનો ખર્ચ આશરે દસ લાખ અંદાજવામાં આવ્યો છે.સુલભ શૌચાલયો આવ્યા બાદ ઘણી સમસ્યા હલ થઇ છે.માત્ર મુંબઇની જ નહી સમગ્ર ભારતની સ્ત્રીઓએ આ ઝુંબેશ ચાલુ કરવી જોઇએ.

વિનોદ પંડયા ( સૌ. સંદેશ)


**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઇ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨



**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

# આ વિશ્વ સત્યના આધારે જ ટકેલું છે

મહાભારતમાં તો કહ્યુ છે ' સત્ય,દાન, ક્ષમા,અહિંસા,દયા વગેરે સદ્‌ગુણો જો શુદ્રમા હોય તો તે શુદ્ર નથી અને જો બ્રાહ્મણમાં આ ગુણો નથી તો તે બ્રાહ્મણ નથી ' એક ત્રાજવામાં આખા વિશ્વની વસ્તુઓ મુકો અને બીજામાં સત્ય, તો સત્યનુ પલ્લુ જ નીચે જશે.સત્યની તાકાત તો અકળ હોય છે.સત્ય બોલકુ હોઈ ન શકે. સત્ય તો માણસની આંખોમાંથી નીતરતો પ્રેમનો પ્રવાહ છે. અન્ય ક્યારેય છુપાઈ શકતુ નથી. સત્યથી લોકોનુ હિત થાય છે.અસત્યથી હાનિ. જે માણસ સત્યનો છેડો પકડી રાખે છે. તે છેલ્લા કિનારે પહોચી શકે છે.જે માણસ બીજાનુ અહિત ઈચ્છતો હોય એ અધર્મનુ આચરણ કરતો હોય છે.આ જગત સત્યમાં સમાયેલુ હોય છે.જેનામાં થોડો પણ દગો હોય, કોઈના પ્રત્યે દ્રેષભાવ હોય ત્યાં સત્ય રહેતુ નથી.મહાભારતમાં કહ્યુ છે કે જે સભામાં વડીલો હોતા નથી એ સભા નથી.જે ધર્મની વાત ન કરે તે વડીલ નથી.જેમાં સત્ય નથી તે ધર્મ નથી.અન જે કપટપુર્ણ હોય તે સત્ય નથી.આપણે આગળ કહ્યુ છે તેમ આ વિશ્વ સત્યના આધારે જે ટકેલું છે.સત્ય જ પાયો છે.જે પાયો જ નબળો હોય તો ઈમારતના શા હાલ થાય ?સત્યને જીવાડવાની આપણી ફરજ છે.જે માણસ ફરજ ચુકે છે એ ઘણુ બધુ ગુમાવે છે. સત્ય ક્યારેય મરતુ નથી. મરવા દેતુ નથી.સત્ય અજરઅમર છે.એનો નાશ થતો નથી.એને કોઈ ખતમ કરી શકતુ નથી.સત્યમાં કશુ છુપાવવાનુ હોતુ નથી. અસત્યમાં છુપાવવુ પડે છે. સત્ય તો ઉઘાડી કિતાબ જેવું છે.જ્યાં સત્ય છે ત્યા કોઈ ડર હોતો નથી.ગાંધીજીએ કહ્યુ છ કે સત્ય ગુપ્તતાથી નફરત કરે છે.

સત્ય બોલનાર મહાન છે. જેનુ મન સત્યમાં લીન રહે છે.તે તપસ્વી કરતાં પણ મહાન છે.અને દાતા કરતાં પણ શ્રેષ્ઠ છે.સત્યમાં શ્રેષ્ઠતાનો ગુણ છે.સત્યની શક્તિનો કોઈ પાર નથી.સત્ય તો આપણો શણગાર છે. એ શણગારના આધારે જ સામેની વ્યક્તિને એનો પરચો મળતો હોય છે. જેમ કુલીન સ્ત્રીઓની શોભારૂપે લજ્જા છે તેમ સાચુ બોલવુ તે સર્વ વાણીઓનુ ભુષણ છે. આ આભુષણ જે આપણી શોભા છે. એક ત્રાજવામાં આખા વિશ્વની વસ્તુઓ મુકો અને બીજામાં સત્ય. તો સત્યનુ પલ્લુ નીચે જશે.

સત્યની તાકાત તો અકળ છે.સત્ય બોલકુ હોઈ ન શકે જે સત્યની વાતો કરે છે એ દંભી છે.સત્ય તો મૌન છે.સત્યને વાણીની જરૂર નથી.સત્ય તો માણસની આંખોમાંથી નીતરતો પ્રેમનો પ્રવાહ છે. સત્યનો જ વિજય થતો હોય છે.જગતના સર્વ ધર્મોમાં સત્ય શ્રેષ્ઠ ધર્મ છે.સત્યને ટીલાં ટપકાં કે પુજા માળાની જરૂર નથી.સત્યથી વધે એવો કોઈ ધર્મ નથી.બાઈબલમાં કહેવાયું છે કે સત્ય જ મહાન છે અને પરમ શક્તિશાળી છે.એ મહાન શક્તિનુ હથિયાર આપણા જ હાથમાં છે.પરંતુ માનવી નગણ્ય સ્વાર્થ ખાતર સત્યનો ત્યાગ કરતાં અચકાતો નથી.ધારો કે તેને તત્કાલીન થોડો ફાયદો થતો હશે.પણ એનાથી થતા નુકશાનનો અંદાજ એને હોતો નથી.આજે દરેક લોકો કહે છે કે અસત્યનો યુગ આવ્યો છે. દરેકને અસત્ય ગમતુ નથી પણ સત્યની શરુઆત પોતાનાથી કરવી જોઈએ તે થતી નથી.સત્યને ક્યારેય કાટ લાગતો નથી.સત્ય ક્યા છે ?એવા પ્રશ્નનો જવાબ શો હોઈ શકે ? સત્ય સર્વત્ર છે.જેવી રીતે દર્પણમાં પ્રતિબિંબ પડે છે એવી જ રીત પ્રકૃત્તિમાં રહેલી ચેતનાની છાયા સત્ય પ્રતીત થાય છે.

બીજાઓને જે પ્રસન્ન રાખે છે એને સત્ય કહેવુ જોઈએ. જે સત્ય બીજાઓના દુઃખ માટે હોય એના માટે બુધ્ધિમાન મૌન રહે. સત્ય કોઈને કષ્ટ ન આપે.સત્ય સૌને આનંદ આપે છે. સત્ય સુખ આપે છે.સત્ય જીવવાનો આધારસ્તંભ છે.સત્ય માણસને માણસ બનાવે છે.સત્યથી જગતનુ નિયંત્રણ થાય છે. સત્ય જ વિશ્વનો શ્વાસ છે. સત્ય જ સર્વ ટકી રહ્યું છે. સત્ય તો વિરાય છે.આપણા જેવા સામાન્ય જીવો તો એને પ્રાપ્ત કરવામાં અસમર્થ છીએ.છતાયં આપણે જ સત્યની છાયામાં બેઠા છીએ.એવો દંભ કરતાં પણ અચકાતા નથી.સત્ય બીજનુ ભલુ કરવા માટે હોય છે.અન્યને પીડવાથી અથવા પડાવી લેવાની દાનત રાખવાથી અસત્યને પોષવા સિવાય શું છે ?સત્ય પર જ લોકો નિર્ભર છે તે જન્મ મરણના બંધનોને પાર કરી જાય છે.સત્ય ત સ્વર્ગનુ દ્વાર છે. જગત માત્ર ને માત્ર સત્યના આધારે તરી જાય છે.ગાંધીજીએ કહ્યુ છે કે મારી સમક્ષ સત્યથી બીજો કોઈ ઈશ્વર છે જ નહી. સત્ય જ ઈશ્વર છે. સત્ય એક વિશાળ વૃક્ષ છે,તેની જેમ જેમ સેવા કરવામાં આવે છે તેમ તેમ તેમાં અનેક ફળ બેસે છે.તેનો અંત જ થતો નથી. એટલે જ તો તેમણે સત્યનો માર્ગ શુરાનો નહી કાયરનુ કામ જોને. એવુ કહેવાનુ મન થાય છે. અસત્ય લાંબો સમય રહી શકતુ નથી. અસત્ય સુકા ઘાસની ગંજી સમાન છે.સત્યની એક ચિનગારી એને ભસ્મ કરી નાંખે છે.કેટલાંક લોકો અસત્યને પણ સત્યના વાઘા પહેરાવતા હોય છે. કહેવાય છે કે એક જુઠ સો વખત કહેવાથી સત્ય બની જાય છે. પણ એ માત્ર આપણો ભ્રમ હોઈ શકે.સત્યને આત્મા દ્વારા જાણી શકાય છે. જે સત્ય છે તે કાયમ માટે સત્ય છે.સત્ય કોઈ તર્ક કે દલીલો દ્વારા પ્રાપ્ત થતુ નથી. સત્ય એ તો અનુભવની વસ્તુ છે.સંપ્રદાયો દ્વરા સત્યની પ્રતિતિ થઈ શકતી નથી.કારણકે સંપ્રદાય દ્વારા સત્યની પ્રતિષ્ઠા જ એમના માટે મહત્વની બની રહે છે. એમાં સત્ય તો કાયમ માટે છુપાઈ જાય છે.

ડૉ.કિશોરસિંહસોલંકી

(સૌ.સંદેશ)

### જાણવા જેવું !

૧૯૯૮ની સાલમાં એક ફાઉન્ટેન પેનની હરાજી કરવામાં આવી હતી. આ ફાઉન્ટેન પેનના ૨૧ કરોડ ૮ લાખ રૂપિયા ઉપજ્યા હતા. આ પેનને આટલી મોંઘી કિંમતે ખરીદવામાં આવી તેની પાછળનું કારણ એ છે કે તેમાં રૂબિ,સેફાયર વગેરે કિંમતી પથ્થરો જડવામાં આવ્યા હતા.અને તે પણ પાછા એક નહી પુરા ૬૦૦. ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી. આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

# હવે વસિયતનામુ ઓનલાઇન તૈયાર થઇ શકશે

એનએસડીએલ નવી વેબસાઈટ EzeeWill.com મારફત આ સર્વિસ ઓફર કરે છે.એચડીએફસી સિક્યોરીટીઝની ઈ-વિલ સર્વિસ તેની હાલની ઓનલાઈન સર્વિસીસમાં વધારો કર્યો છે.ઈ-વિલ સર્વિસ વસિયતનામું તૈયાર કરવાની પ્રક્રિયાને સરળ બનાવે છે.એચડીએફસીના સિક્યોરીટીઝ એમડી અને સીઈઓ અસીમ ધ્રુવ જણાવે છે કે ઓનલાઈન ટ્રેડીંગથી શેરબજારમાં રોકાણ કરવાનું ઘણું સરળ બન્યું છે. તેમ ઈ-વિલ સર્વિસથી વસિયતનામું તૈયાર કરવાની પ્રક્રિયા સરળ બની છે.આ કંપનીએ હાલમાં ૬૦૦ જેટલા ઈ-વિલનું રજી. કર્યું છે.

ઈ-વિલ તૈયાર કરવા માટે ગ્રાહકે સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ પર લૉંગઈન થવું પડે છે અને નિર્ધારિત ફોર્મેટમાં જરુરી માહીતી આપવી પડે છે.આ માહિતિ ત્યારબાદ કાનુની નિષ્ણાંતને મોકલવામાં આવે છે.આ મુસદ્દો તમારી પસંદગી મુજબ ઈ-મેઈલ મારફત અથવા ઘરઆંગણે મોકલવામાં આવે છે.એ ઓનલાઈન પ્રકીયા હોવાથી તમારી સાનુકુળતા મુજબ સમગ્ર પ્રક્રિયા પુરી થાય છે.જો કે વ્યાપક સમયમર્યાદા હોય છે.વસિયતનામુ લખવાની જરુરીયાતો અને કાયદો દરેક કિસ્સામાં અને સમુદાયમાં અલગ અલગ હોઈ શકે છે.ઈ-વિલ સર્વિસ પ્રોવાઈડર્સ ગ્રાહકના ધર્મ અને સમાજને લાગુ પડતો હોય તેવા વારસા ધારાને ધ્યાનમં રાખે છે. હકીકતમાં તેઓ વિવિધ ધર્મ ધરાવતા ગ્રાહકો માટે કાનુની નિષ્ણાતો રાખે છે.ઈ-વિલ સર્વિસમાં તમારી સ્થાવર અને જંગમ મિલ્કતો ઉપરાંત ડીજીટલ અને બૌધ્ધિક સંપદાનો ઉલ્લેખ કરવાની પણ છુટ આપે છે.માહિતી આપ્યાની તારીખથી સમગ્ર પ્રક્રિયા આશરે બે સપ્તાહમાં પુરી થઈ જાય છે.

માહીતી આપ્યા બાદ સર્વિસ પ્રોવાઈડર સમીક્ષા માટે મુસદ્દો મોકલે છે.તેનાથી ભવિષ્યમાં કોઈ ગેરસમજ ઉભી ન થાય. જો કોઈ ભુલ થઈ હોય અથવા અંતિમ નકલમાં પછીથી તમે કોઈ ફેરફાર કરવાં માંગતા હોવ તો તમારે કંપનીને દસ્તાવેજ ફરી મોકલવો પડે છે.કંપની નવો દસ્તાવેજ તૈયાર કરે છે. જો અસલ મુસદ્દો ખોવાઈ જાય તો તમારે ફોર્મનું ઈ-ફીલીંગ કરવું પડે છે અને સમગ્ર પ્રક્રિયામાંથી ફરી પસાર થવું પડે છે.ગ્રાહકે આપેલ માહીતી સંપુર્ણપણે સુરક્ષિત રહે છે.

જો તમે વકીલ પાસે વસિયતનામું તૈયાર કરાવવા જાવ તો તેમાં ૨૦ હજાર રુપીયા સુધીનો ખર્ચ થઈ શકે છે. જ્યારે દાસ જણાવે છે કે આ વિકલ્પ એવા ગ્રાહકો માટે સાનુકુળ છે કે જેમને જટિલ કાનુની સહાયની અને રુબરુ વાતચીતની જરુર પડતી હોય છે. તેનો ભાવ કાનુની જટિલતા આધારિત હોય છે. ઈ-વિલ માટે માત્ર ૪ હજાર રુપીયાનો ખર્ચ થાય છે.વધારાની સમીક્ષા માટે રુ.૨૫૦ની ફી ભરવી પડે છે.જો કોઈ સુધારા કરવા હોય તો મુળ ભાવના આશરે ૪૦ ટકા ડિસ્કાઉન્ટ મળે છે. જો તમે હાર્ડ કોપી મેળવવા માંગતા હોવ તો એનએસડીએલ રુ.૫૦૦ વધારાની ફી તમારી જરુરીયાત પુરી કરી શકે છે.ઈ-વિલ રાઈટીંગ સર્વીસે વસિયતનામું તૈયાર કરવાની પ્રક્રિયા સરળ અને સસ્તી બનાવી છે.

(સૌ.ન.ગુ.ઈટી વેલ્થ)

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,
જીવન સાહિત્ય ભંડાર,
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨
શ્રી પાઉલભાઈ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨

## ટ્રેનમાં પોલીસની મદદ લેવા માટે ખાસ હેલ્પ લાઇનની સુવિધા શરુ

વેસ્ટર્ન રેલ્વે દ્વારા મુસાફરોની સુરક્ષા માટે એક ખાસ પ્રકારની હેલ્પ લાઇનની સુવિધા શરુ કરવામાં આવી છે.ચાલુ ટ્રેને મહિલા મુસાફરો સાથે છેડતી અને માલ-સામાનની ચોરીના બનાવોને અટકાવવા માટે આ વિશેષ હેલ્પ લાઇન શરુ કરવામાં આવી છે.હવે મુસાફરો પોતાના મોબાઇલ પરથી ૧૩૨૨ નંબર ડાયલ કરી ચાલુ ટ્રેને રેલ્વે દેશના કોઇ પણ રેલ્વે સ્ટેશન પર રેલવે પોલીસની મદદ મેળવી શકશે.રેલ્વે દ્વારા હેલ્પ લાઇન શરુ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પણ હેલ્પ લાઇનની શરુઆત થઇ ચુકી છે.આગામી જાન્યુઆરી મહિનાથી આ હેલ્પ લાઇન નંબર રીઝર્વેશન ટિકીટની પાછળ ફરજીયાત છાપવા માટે રેલ્વે તરફથી ડીઆરએમને આદેશ કરાયો છે.

ભારતીય રેલ્વે મારફતે દરરોજ આશરે ૧૭૫૦૦ ટ્રેનમાં લગભગ આઠી કરોડ યાત્રીઓ મુસાફરી કરે છે.અત્યાર સુધી ચાલુ ટ્રેનમાં મુસાફરને કોઇ પણ પ્રકારની મુશ્કેલી પડે તો તેણે આગળ આવતાં સ્ટેશનની રાહ જોવી પડતી હતી.પરંતુ હવે આ હેલ્પ લાઇનની મદદથી મુસાફરો ચાલુ ટ્રેનમાં જ દિલ્હી સ્થિત રેલ્વે બોર્ડના કોલ સેન્ટર પર ફરિયાદ નોધાવી શકશે.મુસાફરોએ કોલ સેન્ટરમાં કોલ કરીને ટ્રેનનું નામ અને નંબર ,કોચ નંબર , સીટ નંબર અને લાસ્ટ એન્ડ નેકસ્ટ સ્ટેશનનું લોકેશન આપવાનું રહેશે.ત્યારબાદ કોલ સેન્ટર દ્વારા જે તે સબંધિત રેલ્વે પોલીસને જાણ કરાશે અને તે ટ્રેન સ્ટેશન પર પહોચે તે પહેલાં રેલવે પોલીસ મુસાફરની મદદ માટે આવી જશે.

## મહિલા સંચાલિત રિક્ષા ટેક્સી સેવાની શરુઆત અમદાવાદ-ગાંધીનગરથી થશે

શંકરસિંહ વાઘેલા ફાઉન્ડેશન દ્વારા મહિલા સુરક્ષા માટે હાથ ધરાનારી આ સેવા કો.ઓપરેટીવ ધોરણે ચલાવાશે.નવતર અભિગમ અંગે શંકરસિંહ બાપુએ જણાવ્યું હતું કે ૧૪ નવેમ્બરે અમદાવાદ સરકીટ હાઉસ ખાતે જે મહિલાઓને રીક્ષા ચલાવવામાં રસ હોય, સિક્યુરીટીની જરુર હોય તેવા લોકોને મહિલાઓની સિક્યોરીટી ગાર્ડ પુરા પાડવા અને મહિલાને સલામતી માટે જરુરી સાધનો તાલીમ પુરી પાડવામાં આવશે.મહિલાઓની સલામતી માટે મહિલા ડ્રાયવર સાથેની રીક્ષા અને ટેક્સી સેવાનો પ્રારંભ અમદાવાદથી કરાશે. ત્યાર બાદ ગાંધીનગર ,સુરત અને વડોદરામાં આ સર્વિસ ચાલુ કરાશે.સંસ્થા દ્વારા મહિલાઓને તામીલ બાદ નોકરી અપાવવા અને લઘુત્તમ વેતન મળે તેની ચિંતા પણ કરવામાં આવશે. આ સાહસમાં કમાણીનો હેતુ નથી. નહીં નફો નહીં નુકશાનના ધોરણે આ સેવા ચાલુ કરાશે અને તેમાં મહિલાઓની સુરક્ષા રોજગારી અને સામાજિક સેવા સિવાયનો બીજો કોઇ ઉદ્દેશ નથી.અમદાવાદમાં મહિલાઓના ઇન્ટરવ્યુ લેવાશે. અને તૈયાર ઉમેદવારોને રીક્ષા સહિતની સાધન સામગ્રી પુરી પડાશે. અમદાવાદના રસ્તા બતાવવા અને ડ્રાઇવીંગની તાલીમ માટે અનુભવી લોકો દ્વારા મદદની ખાતરી ઉચ્ચારવામાં આવી હોવાનું તેમણે કહ્યુ હતું.નોધનીય છે કે મહિલા ડ્રાઇવર હોય તેવી ટેકસી સેવા કેરળ સરકારે સૌ પ્રથમવાર ચાલુ કરી હતી.ત્યારબાદ મુંબઇમાં પણ પ્રિયદર્શીનીના નામે આવી સર્વિસ ચાલુ કરવામાં આવી છે.

મહિલાઓ દ્વારા ટેક્સી અને રીક્ષાની સેવાઓ શરુ થાય તો અમદાવાદ શહેરમાં રીક્ષાઓ દ્વારા આચરવામાં આવતા ગુનાઓનું પ્રમાણ ઘટી શકે છે.તેમજ પેસેન્જરોને સલામતીઓ અહેસાસ પણ થઇ શકે છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## પાકિસ્તાનમાં ખ્રિસ્તી પાદરીની પોલીસે ગોળી મારી હત્યા કરી




પાકિસ્તાનમાં એક ખ્રિસ્તી પાદરી કે જેને ધર્મનિંદાના આરોપસર ધરપકડ કરાઇ હતી અને તેને રાવલપીડીં જેલમાં રાખવામાં આવેલ હતા તેમની પોલીસે ગોળી મારી હત્યા કરી હતી તેવું વોચ ડોગ ગ્રુપ તરફથી અપાયેલ સમાચારોમાં જણાવાયું હતું.આ સમાચારોમાં જણાવાયું હતું કે તાજેતરમાં ધર્મનિંદાના આરોપસર હ્યુમન રાઇટ્સના ભંગનો આ એક તાજો કિસ્સો બહાર આવ્યો છે.આ એક જંગલીયત ભર્યુ કૃત્ય છે.ઝેવીયર વિલિયમ,લાઇફ ફોર ઓલ દ્વારા ધ એક્સપ્રેસ ટ્રીબ્યુનને તેમણે કહ્યું હતું.પાદરીની હત્યા બાબતે ધમકી અપાઇ છે તેની જાણકારી કોર્ટને હતી તેથી કોર્ટે પાદરી ભટ્ટીની સલામતી માટે યોગ્ય વ્યવસ્થા કરવા માટે આદેશો આપ્યા હતા. છતાં પોલીસ આદેશોને ધોળીને પી ગઇ અને આ પાદરીને ગોળી મારી હત્યા કરી નાંખી હતી.ઝફર ભાટી,૨૦૧૨થી અદિયાલા જેલમાં ધર્મનિંદાના આરોપસર જેલમાં હતા,તેવુ એક્સપ્રેસ ટ્રીબ્યુને જણાવ્યું હતું.જેલમાં પાદરી ઝફર ભાટી સાથે અન્ય કેદી તરીકે મહોમ્મદ અસગર જે ૭૦ વર્ષની આયુ ધરાવે છે તે હતા.અને તે માનસિક રીતે બિમાર હતા તેવું પણ જણાવાયું હતું.આ કેદી પણ ગોળીબારમાં ઘવાયા હતા.

પાકિસ્તાનની અંદર ધર્મનિંદાનો કાયદો માત્ર પોતાના વેરઝેર કે વેપાર ધંધાની દુશ્મનાવટ પતાવવા માટે વધુ થયો છે.ધાર્મિક કટ્ટરવાદીઓએ આ કાયદાનો એક શસ્ત્ર તરીકે લઘુમતિ સામે ઉપયોગમાં લીધો છે.અને પોતાના અંગત હિતોને હલ કર્યા છે.પાકિસ્તાનમાં વસતી લઘુમતી કોમોને ભારે હેરાનગતિ આ કાયદા હેઠળ કરવામાં આવી છે.જો કે મોટા ભાગે આ કાયદા હેઠળ પકડાયેલ લોકો કોર્ટમાં નિર્દોષ સાબિત થયા છે.લઘુમતિઓની બદકિસ્મતિ એ છે કે ઇસ્લામીક કટ્ટરવાદીઓના ગ્રુપો પાકિસ્તાનમાં ટ્રાયલ કોર્ટોમાં પોતાની વગ વાપરવામાં સફળ રહ્યા છે.અને આ કાયદા હેઠળ કોર્ટોએ આવા કટ્ટરવાદીઓને વધારે પડતુ મહત્વ આપ્યું છે.ટ્રાયલ કોર્ટો કટ્ટરવાદીઓ માટે માત્ર રબર સ્ટેમ્પ જેવી પુરવાર થઇ છે.ખાસ કરીને ખ્રિસ્તીઓને પાકિસ્તાનમાં ધર્મનિંદાના કાયદાઓ હેઠળ ટ્રાયલ કોર્ટોમાં ખોટા ઘસડી જવામાં કટ્ટરવાદીઓ સફળ રહ્યા છે.જયારે પાકિસ્તાનની સરકાર લઘુમતિઓનું રક્ષણ કરવામાં વામણી પુરવાર થઇ છે.ધર્મનિંદાના આરોપસર જેમની સામે મૃત્યુદંડની સજા થઇ છે તેવા ૪૮ લોકો ધર્મનિદાના આરોપોમાં નિર્દોષ પુરવાર થયા છે.

ભાટીના કેસમાં આ પાદરીએ ધર્મનિંદાને લગતો એક એસએમએસ અહેમદ ખાન નામની વ્યક્તિને પાસ કર્યો હતો.તેઓ ડેપ્યુટી સેક્રેટરી જમાતે અહલે સુન્નત,એક પાકિસ્તાન મુસ્લીમ સંગઠન છે.ત્યારબાદ જુલાઇ ૧૬ના રોજ તેમની ધરપકડ કરવામાં આવી હતી.અને પોલીસે કેટલાક દિવસો સુધી તેમને ટોર્ચર કર્યા હતા.પરંતુ તેમણે તેમની પર લગાવેલ આરોપો સ્વીકાર્યા નહોતા.

એપ્રિલમાં, એક ખ્રિસ્તી કપલને પાકિસ્તાનમાં મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી.તેમની પર પણ આજ પ્રકારનો આરોપ હતો. કે તેઓએ ધર્મનિદા કરતો એસએમએસ કર્યો હતો.તેમના વકીલે તેમની તરફેણમાં અપીલ કરી હતી.તેમાં જણાવાયું હતું કે આ બે વ્યક્તિઓ જેમના પર ટેક્સ મેસેજ મોકલવાનો આરોપ છે તેઓ અભણ છે.અને તેમને ટેક્સ મેસેજ કરતાં પણ આવડતું નથી.પરંતુ કોર્ટે તેમને મૃત્યુદંડની સજા ફટકારી હતી.જેથી કટ્ટરવાદીઓની ટ્રાયલ કોર્ટો પર કેટલી જબરજસ્ત પકડ છે તે બતાવી આપે છે.આપણે તેમના તરફ આપણી હમદર્દી પ્રગટ કરીએ છીએ.પરંતુ ખ્રિસ્તીઓ પાકિસ્તાનમાં ઘણીજ વિકટ પરિસ્થિતિમાં છે.તેઓ સતત ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે.તેમના માટે સહુ પ્રથમ જરુરીયાત તે પોતાનો બચાવ કરવાનો છે.ખ્રિસ્તીઓ તેમની દરેક મુવમેન્ટ ખુબજ ધ્યાનપુર્વક કરી રહ્યા છે.તેવું ફાધર એલોઇસ રોય,સુપીરીયર ઓફ ધ પાકિસ્તાન પ્રોવીન્સ ઓફ ધ મિશનરી ઓબલેટ્સ ઓફ મેરી ઇમ્માક્યુલેટે આ જણાવ્યું હતું.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.